ધનતેરસથી
જ્ઞાનપંચમી
પર્વોના
મંગલદિવસો

અને

જ્ઞાનપંચમીનું
આરાધન

(314) 837-8101

October 12,2011

## વિક્રમસંવતની શરૂઆત

આપણે ધનતેરસથી જ્ઞાનપંચમીના આપણા પર્વોના મંગલદિવસો વિષે ચર્ચા કરીએ તે પહેલા વિક્રમસંવતની શરૂઆત ક્યારે થઈ તે જાણીએ.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૪૭૦ વર્ષ બાદ રાજા વિક્રમાદિત્ય થયા. ખૂબ જ ન્યાયપ્રિય અને દયાળુ હતા.
એકવાર તેમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં લક્ષ્મીદેવી, કીર્તિદેવી અને સત્તાદેવી પધાર્યા.

લક્ષ્મીદેવી : ' હું આપની પાસે વિદાય માગવા આવી છું. મારો જવાનો સમય થઈ ગયો છે. '
રાજા: ' ખુશીથી પધારો ! આવ્યા ત્યારે કહીને નહોતાં આવ્યાં. વિદાય વખતે કહેવા આવ્યાં તે જ મારા સદ્‌ભાગ્ય ! તમારો આભાર '

કીર્તિ દેવી : ' મારા મોટા બહેન જઈ રહ્યાં છે, તો સાથે હું પણ જાઉં છું. '
રાજા: ' તમો પણ ખુશીથી પધારો. '
કીર્તિ દેવી : ' પણ યાદ રાખજો કે મારા જવાથી વિશ્વમાં તમારી નામના વિલય થઈ જશે. તમારી પ્રસિધ્ધિ પસ્તી થઈ જશે. '
રાજા: ' કાંઈ વાંધો નહિ. આમેય નામ તેનો નાશ છે. નામના ક્યાં બીજા ભવમાં સાથે આવવાની છે ? '

અપૂર્વ તેજવાળાં ગૌરવથી અક્કડ જણાતી સત્તાદેવી: ' મહારાજા ! હું પણ જાઉં છું અને મારા જવાથી તમારી બધી સત્તા ચાલી જશે. '
રાજા: ' કાંઈ ચિંતા નથી. આ રાજ્યને હું મારું માનતો નથી. હું તો એક ધર્મશાળામાં આવેલ પ્રવાસી છું. '
થોડી ક્ષણો પસાર થઈ ત્યાં ત્રણ પુરુષાકૃતિઓ – સત્ય, ધર્મ અને ચારિત્ર – આવીને કહે છે, ' અમે ત્રણ પણ વિદાય માગીએ છીએ. '

રાજા સફાળા બેઠા થઈ ગયા. . ' અહો, આ તો મારા આત્માના સત્વો છે. એના વિના હું કેમ જીવી શકું ? '
આપ જવા તૈયાર છો તો હું પણ મારો સમય પૂર્ણ કરું છું. એમ કહી બાજુમાં પડેલી તલવાર ઉઠાવી.
ત્રણેય પુરુષાકૃતિઓ કહે, ' અરે રાજન ! થોભો ! આનંદથી જીવો. અમે સદાય તમારી સાથે જ રહીશું. '
ત્રણેય આકૃતિ અદશ્ય થઈ.

ત્યાં ફરી પેલી ત્રણેય દેવીઓ આવી.
રાજા: ' કેમ ફરીથી આવવાનું થયું ? '
દેવીઓ: ' હવે અહીંથી જવું અશક્યય છે. જ્યાં સત્ય, ધર્મ અને ચારિત્ર રહે છે, ત્યાં જ અમારો વાસ છે. '
ત્યાં જ મહારાજાની આંખ ખૂલી ગઈ.

આજે આપણે સત્ય, ધર્મ અને ચારિત્રની ઉપેક્ષા કરી રહ્યા છીએ અને લક્ષ્મીદેવી, કીર્તિદેવી અને સત્તાદેવીની પ્રતીક્ષા કરી રહ્યાં છીએ.
પણ ક્યાંથી મેળ ખાય ?

આ જ રાજા વિક્રમાદિત્યના વખતમાં એક વખત દુષ્કાળમાં ખેડૂત વગેરે પ્રજા વ્યાપારીના ચોપડામાં દબાઈ ગઈ હતી.
મહારાજાએ બધા વેપારી પાસેથી ચોપડા મંગાવ્યા અને જે રકમ હતી તે બધી રાજભંડારમાંથી ભરી આપી.
પરદુ:ખને ભાંગનાર રાજાથી પ્રજા આંનદમાં આવી ગઈ.
ત્યારથી તેની યાદીમાં વિક્રમસંવતની શરૂઆત થઈ..

'જેને આપવામાં આનંદ હોય છે, તેને સંગ્રહવૃત્તિ સતાવતી નથી
આ ઉદાત્તવૃતિમાં મા ની મમતા સમાઈ છે એમ કહે તે ખોટું નથી. '

## ધનતેરસથી જ્ઞાનપંચમી આપણા પર્વોના મંગલદિવસો

લૌકિક પર્વોની ઉજવણીમાં માણસો મીઠાઈઓ ખાવી, ફટકડા ફોડવા અને રોશની કરવી વિગેરે પ્રવૃત્તિ કરીને આનંદ માને છે.
આ બધી પ્રવૃત્તિ ભવફેરા વધારવાની જ છે.

આ બધા લૌકિક પર્વો બારામાં પરદેશથી કોઈ વ્યકિત જો તેમના સગા છગનલાલને પૂછાવે કે શ્રી રામને હજુ બધા યાદ કરે છે?
જવાબમાં છગનલાલ કહેશે:'હા હા, અમે બધા શ્રી રામને ખૂબ યાદ કરીએ છીએ. દર વર્ષે શ્રી રામને યાદ કરતાં જોરદાર આતશબાજી
કરીને રાવણને બાળીએ છીએ અને શ્રી હનુમાનને પણ યાદ કરીએ છીએ કે તેઓ કેવી ગદા ફેરવીને રાક્ષસોને મારતા હતા !

આજ સવાલ જો કોઈ જ્ઞાનીને પૂછીએ તો જ્ઞાની કહેશે: 'દર વર્ષે ફંડફાળા કરીને જોરદાર આતશબાજી કરીને રાવણને બાળે છે
પણ ભાગ્યે જ કોઈ શ્રી રામના કે શ્રી હનુમાનના વીતરાગતાના ગુણો વિષે વાત કરતા હોય. વર્ષોથી બાળો, મારો અને કાપોની વાતો કરીને,
બાળકોના મનમાં હિંસાના બી વાવતા જાય છે. અને દેશની સંપત્તિનો ધુમાડો કરતા જાય છે.
આટલા ખર્ચમાં તો લાખો ગરીબ બાળકો ભણી શકે. શ્રી રામને નવ લાખ વર્ષ થઈ ગયા છતાં શ્રી રામનું નામ ઘરે ઘરે ગુંજાય છે.
પણ તેમના ગુણો પ્રત્યે લક્ષ્ય જ નથી, એ બધી ગુણોની વાતો તો પુસ્તકોમાં રહી ગયેલ છે.'

પરંતુ આ પર્વો આપણેને આધ્યાત્મિક પ્રરણા આપે છે તેની મોટા ભાગના મનુષ્યોને જાણ નથી.
ચાલો આપણે આ પર્વોનું આધ્યાત્મિક મહત્વ જોઈએ.

### ધનતેરસ પાછળનો ઈતિહાસ

ભરતક્ષેત્રના છ ખંડ છે અને બત્રીશ હજાર દેશ છે. તેમાં પ્રથમ ખંડમાં જ ૬૩ શલાકા પુરુષો જન્મે છે. પ્રથમ ખંડમાં ત્રણ તીર્થસ્થાન છે.
ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા જ્યારે નીકળેલ. ત્યારે ભરતરાજા પોતાના નામથી અંકિત બાણ ૧૨ જોજન દૂર ફેંકે.
બાણ જ્યાં પડે ત્યાંનો રાજા સમજી જાય કે " અહો ! આ તો અવસર્પિણી કાળના ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી છે."
રાજા સિંહાસનેથી નીચે ઊતરીને સામે જાય. પ્રેમથી ચક્રવર્તીને આવકારે અને આધીનતા સ્વીકારીને ચક્રવર્તીને ભેટ આપે.
આમ એક પછી એક દેશ પર વિજય મેળવી આગળ ચાલે.

આ વિજય દરમ્યાન ભરતચક્રવર્તીને તેર અઠમ કરવા પડ્યા. ( કોઈપણ સિધ્ધ તપ વિના પ્રાપ્ત થતી નથી પછી તે ભૌતિક કે આધ્યાત્મિક હોય.)

**ભરત ક્ષેત્ર**




તેરમો અઠ્ઠમ પાછા ફરતાં અયોધ્યા નગરીના પ્રવેશ માટે કરેલ.
ભરત મહારાજાએ દશમ, અગિયારસ અને બારશનો એ ત્રણ દિવસનો તેરમો અઠ્ઠમ કર્યો.
આજે આસો શુદ ૧૩ નો દિવસ છે. અયોધ્યામાં પ્રવેશનો દિવસ છે. ઘેર ઘેર દીવડા પ્રગટાવ્યા છે. ઘેર ઘેર રંગોળીઓ કરી છે.

પ.પૂ. બા. બ્ર. શ્રી વનિતાબાઈ મહાસતીજી આ પર્વોનું અધ્યાત્મ અર્થઘટન નીચે મુજબ સમજાવે છે.

## ધન્ય તે રસ એટલે ધનતેરસ

કયો રસ ?
ઋષભદેવના હૃદયમાં પ્રગટેલો વીતરાગતાનો રસ
મરુદેવી માતાનો ભાવનાનો રસ
ભરત રાજાના હૃદયમાં પ્રગટેલો ધર્મરસ
બાહુબલીનો વૈરાગ્યરસ
સુંદરીનો ત્યાગ તપનો રસ

આ જિનવાણીનો રસ અંદર ઊતરશે અને ભાવના દઢ થશે તો જીવન જયવંતુ બનશે તો આપણા માટે ' આ ધન્ય તે રસ ' નો દિવસ
ધન્ય ધન્ય બની જશે.

## કાળી ચૌદશ એટલે સ્વરૂપ ચૌદશ

દુનિયા જેને કાળી ચૌદશ કહે છે, તેને અજવાળવા માટે આ દિવસ સ્વરૂપ ચૌદશ છે.

આ દિવસે ચરમ શાસનપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીનું છેલ્લું સમવસરણ હસ્તિપાલ રાજાની વિનંતીથી પાવાપુરમાં થયેલ. બાર પ્રકારની પર્ષદા છે. બધા ભગવાનની અંતિમ દેશના સાંભળવા આવી ગયા છે. સહુને ખબર છે કે આજે પ્રભુને સંથારો અનશન આરાધવાનો દિવસ છે.

કેવલી ભગવાન સંથારો કરે અથવા ન પણ કરે, પરંતુ તીર્થંકર તો અવશ્ય સંથારો કરે જ. ઋષભદેવ ભગવાનને એક માસનો સંથારો હતો. અને ભગવાન મહાવીર સ્વામીનો સંથારો બે દિવસનો છે.

પ્રભુની અંતિમ દેશનામાં દુઃખ વિપાક અને સુખ વિપાક બન્નેના મળી ૧૧૦ અધ્યયન છે. પ્રભુની દેશના ચાલે છે. તેમાં ૧૮ દેશના રાજાઓ છઠ્ઠ – પોષધ કરી ખાવાપીવાનું ભૂલીને બેસી ગયા છે. કારણ કે પ્રભુના શ્રીમુખેથી નીકળતો એક શબ્દ પણ ગુમાવવો પોસાય તેમ નથી.

પાંચમા આરાના અંત સુધી ધર્મ રહેવાનો છે. આ જ શાસનના સહારે કોઈ એકાવતારી બનશે, કોઈ પંદર ભવ કરશે, કોઈ શ્રાવક થશે, કોઈ સમ્યગ્દષ્ટિ પામશે અને મોક્ષનો પરવાનો મેળવી લેશે. આપણે પણ જેટલી સાધના આરાધના કરીશું તેટલું આપણું વહેલું કલયાણ થશે.

આ દિવસ ભગવાન મહાવીર સ્વામીના સંથારાનો દિવસ છે. આ દિવસ આપણને ઉપદેશ આપે છે કે – અંતરની કાળાશ કાઢો. કાળી ચૌદશ નહિ પણ સ્વરૂપ ચૌદશ પ્રગટાવો. અજ્ઞાનની કાલિમાંથી મુકત બની સમ્યગ્દર્શનનો પ્રકાશ મેળવવા માટે આજનો દિવસ છે.

## દીપાવલી

શ્રી વીરપ્રભુએ પોતાનું આયુષ્ય અલ્પ જાણી અપાપા નગરીમાં આવી હસ્તીપાલ રાજાની સભામાં છેલ્લું ચાતુર્માસ કરેલ. તેમને છેલ્લી દેશના સોળ પ્રહર સુધી આપી અને તેમનુ નિર્વાણકલ્યાણક થયું. તે સમયે કાશી અને કૌશલ દેશના અઢાર રાજાઓ આવેલા હતા.

રાત્રિને સમયેશ્રી વીરપ્રભુનું નિર્વાણકલ્યાણક થયું. તે સમય વર્ષાઋતુના ચોથા માસનો કૃષ્ણ પક્ષ હતો.
અને એ રાત્રિ પક્ષની ચરમ રાત્રિ અમાસ હતી.

તે રાજાઓએ શ્રી વીરપ્રભુરૂપ ભાવઉધોત અસ્ત થઈ જવાથી વ્યાપી ગયેલા બન્ને પ્રકારના અંધકારને સહન ન કરી શકવાથી દ્રવ્યઉધોત કરનારા દીવા કર્યા.

તેમજ જતા આવતા દેવદેવીઓથી તે રાત્રિ જયોતિર્મય થઈ ગઈ. તેમજ દેવતાના ટોળા અંધકારને હરનારાં પ્રકાશિત રત્ન હાથમાં લઈ ત્યાં આવવા લાગ્યા. લોકો પણ ઘરે ઘરે દીવા કરવા લાગ્યા. ત્યારથી લોકોમાં દીપોત્સવીનું પર્વ ઉજવવાનું શરૂ થયું.

શ્રી વીરપ્રભુના ગણધર શ્રીગૌતમસ્વામીને તે જ રાત્રિના પાછલા પહોરે કેવળજ્ઞાન પ્રગટ થયું.
તેથી દિવાળીપ્રભુ મહાવીરના નિર્વાણનું સ્મરણ કરાવે છે અને પ્રત્યેક નવું વર્ષ શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું તેની સ્મૃતિ કરાવે છે.

દિવાળી પર્વમાં જૈનો મોહ તથા અવિરતિરૂપ આળસને કાઢે છે અને શ્રી ગૌતમસ્વામીને થયેલા જ્ઞાનરૂપી મહાલક્ષ્મીને પોતાના મંદિરમાં સ્થાપે છે.

દિવાળી પર્વના દિવસોમાં એક ઉપવાસ કરવાથી સહસ્ત્રગણું પુણ્ય થાય છે અને જો અઠમ તપ કરે તો કોટિગણું પુણ્ય થાય છે.
જે વિવેકી જૈનો છે તેઓ દિવાળીના દિવસે ઉપવાસ કે અઠમ તપ જરૂર કરે છે.

## ભાઈ બીજના પર્વની શરૂઆત

ભગવાન શ્રી મહાવીર સ્વામીના મોટાભાઈ નંદિવર્ધન રાજા શ્રી મહાવીર સ્વામીનું નિવાર્ણ થયેલું સાંભળી અત્યંત શોકાતુર થયા હતા, તેથી આ શોક મટાડવા તેમની બહેન સુદર્શનાએ તેમને સમજાવી કાર્તિક સુદ બીજને દિવસે આદર સહિત પોતાના ઘરે બોલાવી ભોજન કરાવ્યુ હતુ ત્યારથી 'ભાઈ બીજ' નામનું પર્વ પ્રવર્ત્યુ.

## જ્ઞાનની ઉત્કૃષ્ટ વિરાધના

જે અજ્ઞાની જીવો મન, વચન અને કાયાના યોગે કરીને જ્ઞાનની અશાતના કરે છે, તો શરીરે રોગી તથા શૂન્ય મનવાળા તેમજ મૂંગા વગેરે થાય છે, અને ભવોમાં પરિભ્રમણ કરે છે.

### ગુણમંજરીનું દ્દષ્ટાંત

આ ભરતક્ષેત્રમાં પદ્મપુર નગરમાં સાત કરોડ સોનામહોરનો અધિપતિ સિંહદાસ નામનો શ્રેષ્ઠિ અને તેની પત્નિ કર્પૂરતિલકા રહેતા હતા.
તેમની પુત્રી ગુણમંજરી બાલ્યવયથી જ રોગી અને મૂંગી હતી.
તેના રોગની નિવૃત્તિને માટે શ્રેષ્ઠિએ અનેક ઉપાયો કર્યા, પણ તે સર્વે નિષ્ફળ ગયા.
તે સોળ વર્ષની થઈ તો પણ તેની સાથે કોઈએ લગ્ન કર્યા નહીં.

એકદા તે નગરમાં ચાર જ્ઞાનને ધારણ કરનાર એવા વિજયસેન ગુરુ પધાર્યા. ગુરુની ધર્મદેશના સાંભળીને સિંહદાસે વિજ્ઞપ્તિ કરી કે
" હે ભગવન ! મારી પુત્રીના શરીરમાં કયા કર્મથી વ્યાધિઓ થઈ છે ? "

હે શ્રેષ્ઠિ ! તારી પુત્રીએ પૂર્વ ભવે બાંધેલાં કર્મોનો સંબંધ સાંભળ –
ધાતકી ખંડમાં ખેટકપુર નગરમાં જીનદેવ નામે શ્રેષ્ઠી અને તેની પત્નિ સુંદરી રહેતા હતા. તેમને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ હતી.
શ્રેષ્ઠિએ પાંચે પુત્રોને ઉત્સવપૂર્વક અધ્યાપક પાસે ભણવા મૂક્યા. પરંતુ તેઓ પરસ્પર અવિનય, આલસ, ચપલતા કરતા ત્યાં રહેવા લાગ્યા.
એકદા પંડિતે સોટી મારીને તેમને શિક્ષા કરી, તેથી તેઓ રોતા રોતા ઘેર આવ્યા અને માને કહ્યું.

મા સુંદરી બોલી : " હે પુત્રો ! ભણવાથી શું વિશેષ છે ? કેમકે જન્મ, જરા અને મૃત્યુ તો ભણેલ કે અભણ કોઈને છોડતા નથી.
માટે કયો માણસ ફોગટ ભણીને કંઠનું શોષણ કરે ? જેની પાસે દ્રવ્ય છે તે જ દર્શન કરવા લાયક છે.
જેની પાસે લક્ષ્મી છે તે બધા ગુણોનો ભંડાર છે. વળી ધનવાન મહા મૂર્ખ પાસે પણ પંડિતો દૈન્ય વચનો બોલે છે.
વળી બહુધા પંડિતો નિર્ધન જ હોય છે.

માટે હે પુત્રો ! મૂર્ખતા જ શ્રેષ્ઠ છે; તેથી હવે આજથી તમારે ભણવા જવું નહીં.
કદાચ તમારો માસ્તર તમને તેડવા આવે તો તેને દૂરથી પથ્થર વડે મારજો અને તમને માર્યાનું ફળ એક વખતમાં જ બતાવી દેજો. "

આમ શિખામણ આપીને પુત્રપરના રાગથી અને જ્ઞાનપરના દ્વેષથી લેખન, પાટી, પુસ્તક વગેરે સર્વ અગ્નિમાં નાંખી બાળી દીધાં.

શ્રેષ્ઠિએ પોતાની સ્ત્રીને કહ્યું " હે ભદ્રે ! તેં આવી મૂર્ખતા કેમ કરી ? આ મૂર્ખ રહેલા પાંચે પુત્રોનો વિવાહ અને ઉધ્ધાર શી રીતે થશે ? "

સુંદરી બોલી : " તમે પંડિત છો, તેથી શું કર્યું ? શું તમે જગતનું દ્રારિદ્રય કાપ્યું ? સુખ આ ભણવા ભણાવવાના જંજાલથી મળતું નથી. "

આવું મૂર્ખતાભરેલું પોતાની સ્ત્રીનું ભાષણ સાંભળીને શ્રેષ્ઠીએ તે વખતે તો મૌન ધારણ કર્યું.

શ્રેષ્ઠિએ પોતાની સ્ત્રીને કહ્યું " હે પ્રિયા ! આપણા પુત્રોને કોઈ કન્યા આપતું નથી. માટે હે પ્રિયા ! તેં પુત્રોનો અવતાર વ્યર્થ કર્યો. "

સુંદરી બોલી : " એમાં મારો કાંઈ પણ દોષ નથી, તમારો જ દોષ છે, કેમકે પુત્રો પિતા જેવા જ હોય છે, અને પુત્રીઓ માતા જેવી હોય છે. "

આ સાંભળીને શ્રેષ્ઠિ ક્રોધથી બોલ્યો: " હે દુર્ભાગી ! હે પાપણી ! હે શંખણી ! તું મારા સામું બોલે છે ? "

સુંદરી બોલી : " હે મુર્ખ ! પાપી તો તારો બાપ કે જેણે કૂતરાની પૂંછડી જેવા વક્ર બુધ્ધિવાળા તને ઉત્પન્ન કર્યો. "

આ સાંભળી ક્રોધ પામેલા શ્રેષ્ઠિએ તેને પથ્થર માર્યો, તે તેના મર્મસ્થાનમાં વાગવાથી તે તત્કાળ મરણ પામી.

વિજયસેન ગુરુ : " હે શેઠ ! તે સુંદરી મરીને તારે ઘરે પુત્રીપણે અવતરી છે.
પૂર્વ ભવે જ્ઞાનની વિરાધના કરવાથી તે આ ભવમાં ઘણું દુઃખ ભોગવે છે. "

પછી શ્રેષ્ઠિએ ગુરુને કહ્યું : " હે ભગવન્ આ વ્યાધિનું નિવારણનો ઉપાય બતાવો. "
ત્યારે ગુરુ બોલ્યા " હે શ્રેષ્ઠિ ! વિધિપૂર્વક જ્ઞાનપંચમીનું આરાધન કરવાથી સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે. "

## જ્ઞાનપંચમીનું તપ

આરાધના દર સુદ પાંચમે કરવી. કદાચ દર સુદ પાંચમે ન કરી શકાય તો જીવન પર્યંત કાર્તિક સુદી પાંચમે (જ્ઞાન પાંચમે) તો અવશ્ય કરવી.
૧. એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ૨. ઠવણી ઉપર પુસ્તક સ્થાપીને એકાવન પ્રદક્ષિણા કરવી અને એકાવન ખમાસમણ દેવા
૩. નવુ શાસ્ત્ર ભણવું, ભણાવવું તથા શ્રવણ કરવું ૪. યથાશક્તિ પોષધોપવાસ કરવો અને સવાર સાંજ પ્રતિક્રમણ કરવું.
૫. પાંચ દીવેટનો દીવો કરવો ૬. સન્મુખ પાંચ સ્વસ્તિક કરવા. ૭. જ્ઞાન ભંડારોની પૂજા કરવી

૮. "ૐ હ્રીં નમો નાણસ્સ" ના બે હજાર જાપ કરવા.

જ્ઞાનની જઘન્ય આરાધના

જ્ઞાનની વૃધ્ધિ કરવા નીચે જણાવેલ આરાધના દર સુદ પાંચમે કરવી.
કદાચ દર સુદ પાંચમે ન કરી શકાય તો જીવન પર્યંત કાર્તિક સુદી પાંચમે (જ્ઞાન પાંચમે) તો અવશ્ય કરવી.

૧. ઠવણી ઉપર **પુસ્તક** સ્થાપવું.

૨. **પાંચ દીવેટનો દીવો** કરવો.

૩. સન્મુખ **પાંચ સ્વસ્તિક** કરવા.

૪. જિનેશ્વની સમક્ષ અને પુસ્તકની સમીપે **ચૈત્યવંદન** કરી
**શક્રસ્તવ** કહીને અહીં આગળ જણાવેલ

મતિજ્ઞાન,
શ્રુતજ્ઞાન,
અવધિજ્ઞાન,
મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની
એક પછી એક એમ પાંચે જ્ઞાનની આરાધના કરવી.

આરતી અને મંગલ દીવો

૨૦૧૧ – ૨૦૧૨માં આવતી સુદ પાંચમો

| | |
|---|---|
| કારતક સુદ ૫ | MON, OCT 31 |
| માગસર સુદ ૫ | TUE, NOV 29 |
| પોષ સુદ ૫ | THU, DEC 29 |
| મહા સુદ ૫ | SAT, JAN 28 |
| ફાગણ સુદ ૫ | MON, FEB 27 |
| ચૈત્ર સુદ ૫ | |

| | |
|---|---|
| વૈશાખ સુદ ૫ | |
| જેઠ સુદ ૫ | |
| અષાઢ સુદ ૫ | |
| શ્રાવણ સુદ ૫ | |
| ભાદરવા સુદ ૫ | |
| આસો સુદ ૫ | |

# મતિ જ્ઞાનની આરાધના

૧. "ૐ હ્રીઁ નમો નાણસ્સ" બોલતાં એક પ્રદક્ષણા કરવી,
પછી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો
અને ખમાસમણ દેવું.

૨. મતિજ્ઞાનારાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં

૩. પહેલું મતિજ્ઞાન અઠ્ઠાવીશ પ્રકારનું કહેલું છે, તે શુભકારી છે,
ચાર પ્રકારની પ્રજ્ઞા સહિત છે, આભિનિબોધિક છે,
શ્રુતજ્ઞાનનો હેતુ છે. બુદ્ધિ, પ્રભા વગેરે તેના પર્યાયો બહુ પ્રકારના કહેલા છે.
તે જ્ઞાન સમકિતધારીને હોય છે,
એવા તીર્થંકરે કહેલા મતિજ્ઞાનને હું ભાવથી વંદું છું.

૪.
અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણ - વત્તિઆએ, પૂઅણ - વત્તિઆએ,
સક્કાર - વત્તિઆએ, સમ્માણ - વત્તિઆએ,
બોહિલાભ- વત્તિઆએ, નિરુવસગ્ગ - વત્તિઆએ. ॥૨॥

સધ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ
વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

૫.
અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય - નિસગ્ગેણં, ભમલીએ,
પિત્ત - મુચ્છાએ. ॥ ૧ ॥

સુહુમેહિં અંગ - સંચાલેહિં, સુહુમેહિં ખેલ - સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિ - સંચાલેહિં. ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં અભગ્ગો
અવિરાહિઓ - હુજજ - મે કાઉસ્સગ્ગો. ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં ન પારેમિ. ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,
અપ્પાણં વોસિરામિ. ॥ ૫ ॥

૬. એક નવકારનો કાઉસ્સગ્ગ

૭. નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્યઃ

૮. નીચેનું કાવ્ય ગંભીર સ્વરથી બોલવું.

અષ્ટા વિંશતિભેદ ભિન્નગદિતં જ્ઞાનં શુભાધં મતિઃ
સપ્રજ્ઞાભિનિ બોધિકશ્રુત નિધેર્ હેતુશ્ચ બુદ્ધિપ્રભે ।

પર્યાયાઃ કથિતા ઈમે બહુવિધા જ્ઞાનસ્ય ચૈકાર્ થિનઃ
સમ્યગ્દર્શનિ સત્કમાપ્ત કથિતં વંદામિ તદ્ભાવતઃ ॥

# શ્રુત જ્ઞાનની આરાધના

૧. "ૐ હ્રીઁ નમો નાણસ્સ" બોલતાં એક પ્રદક્ષણા કરવી,
પછી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો
અને ખમાસમણ દેવું.

૨. શ્રુતજ્ઞાનારાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં

૩. શ્રુતજ્ઞાન સિવાયના બીજાં ચારે જ્ઞાન પોતાના વિષયને કહેવા સમર્થ નથી.
શ્રીમાન્ કેવળી પણ વર્ણસમુદાયના જ્ઞાનવડે જ તત્વ જણાવે છે.
વળી સમ્યગ્ શ્રુતજ્ઞાન જ સૂર્યની જેમ પોતાને તથા પરને બોધ કરવામાં સ્પષ્ટ છે.
તે જ્ઞાનના ચૌદ ભેદ છે, અને તેને ગણધરો વાંદે છે.
આવા શ્રુતજ્ઞાનની હું હર્ષથી સ્તુતિ કરું છું.

૪.
અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણ – વત્તિઆએ, પૂઅણ – વત્તિઆએ,
સક્કાર – વત્તિઆએ, સમ્માણ – વત્તિઆએ,
બોહિલાભ– વત્તિઆએ, નિરુવસગ્ગ – વત્તિઆએ. ॥૨॥

સધ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ
વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

૫.
અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય – નિસગ્ગેણં, ભમલીએ,
પિત્ત – મુચ્છાએ. ॥ ૧ ॥

સુહુમેહિં અંગ – સંચાલેહિં, સુહુમેહિં ખેલ – સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિ – સંચાલેહિં. ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં અભગ્ગો
અવિરાહિઓ – હુજજ – મે કાઉસ્સગ્ગો. ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં ન પારેમિ. ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,
અપ્પાણં વોસિરામિ. ॥ ૫ ॥

૬. એક નવકારનો કાઉસ્સગ્ગ

૭. નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય – સર્વ સાધુભ્યઃ

૮. નીચેનું કાવ્ય ગંભીર સ્વરથી બોલવું.

અન્યજ્ જ્ઞાન ચતુષ્ટયં સ્વવિષયં નૈવાભિધાતું ક્ષમં
શ્રીમત્ કેવલિનોપિ વર્ણનિકર જ્ઞાનેન તત્વં જગુઃ ।

સ્પષ્ટં સ્વાત્મ પરપ્રબોધ નવિધૌ સમયક્ શ્રુતં સૂર્યવદ્
ભેદાઃ પૂર્વમિતાઃ શ્રુતસ્ય ગણિભિર્ વંધાઃ સ્તુવે તાન્મુદા ॥

૧. "ૐ હ્રીં નમો નાણસ્સ" બોલતાં એક પ્રદક્ષણા કરવી,
પછી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો
અને ખમાસમણ દેવું.

૨. અવધિજ્ઞાનારાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં

૩. અવધિજ્ઞાન જે છે તેની અવગાહના જઘન્ય પનકના જેટલી છે,
અને ઉત્કૃષ્ટ અસંખ્ય લોકાકાશ પ્રમાણે છે.
તે જ્ઞાન રૂપી દ્રવ્યને જાણી શકે છે; સમયગ્દૃષ્ટિ જીવને શુભકારી હોય છે.
તે દેવ તથા નારકીને ભવ પ્રત્યયે હોય છે,
અને મનુષ્ય તથા પંચેન્દ્રિય તિર્યંચને ભાવ થકી એટલે ગુણ પ્રત્યયે ઉત્પન્ન થાય છે.
પ્રભુએ તેના છ ભેદ કહ્યા છે.
એવા અવધિજ્ઞાનને હું નિરંતર ભજું છું.

૪.
અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણ - વત્તિઆએ, પૂઅણ - વત્તિઆએ,
સક્કાર - વત્તિઆએ, સમ્માણ - વત્તિઆએ,
બોહિલાભ- વત્તિઆએ, નિરુવસગ્ગ - વત્તિઆએ. ॥૨॥

સધ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ
વડઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

૫.
અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય - નિસગ્ગેણં, ભમલીએ,
પિત્ત - મુચ્છાએ. ॥ ૧ ॥

સુહુમેહિં અંગ - સંચાલેહિં, સુહુમેહિં ખેલ - સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિ - સંચાલેહિં. ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં અભગ્ગો
અવિરાહિઓ - હુજજ - મે કાઉસ્સગ્ગો. ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં ન પારેમિ. ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,
અપ્પાણં વોસિરામિ. ॥ ૫ ॥

૬. એક નવકારનો કાઉસ્સગ્ગ

૭. નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્ય:

૮. નીચેનું કાવ્ય ગંભીર સ્વરથી બોલવું.

અલ્પં તત્પનકા અવગાહનસમં ચાસંખ્ય લોકાભ્રગં
જ્ઞાનં સ્યાદ વધેશ્વ રુપિવિષયં સમ્યગ્દૃશાં તચ્છુભમ્ ।

દેવાદૌ ભવપ્રાપ્તિજં નૃષુ તથા તિર્યક્ષુ ભાવોદ્ભવં
ષડ્ ભેદા: પ્રભુભિશ્વ યસ્ય કથિતા જ્ઞાનાં ભજે તત્સદા ॥

૧. "ૐ હ્રીઁ નમો નાણસ્સ" બોલતાં એક પ્રદક્ષણા કરવી,
પછી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો
અને ખમાસમણ દેવું.

૨. મન:પર્યવજ્ઞાનારાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં

૩. અપ્રમત ગુણસ્થાને રહેલા સાધુઓને ચોથું મન:પર્યવજ્ઞાન હોય છે,
તેના બે ભેદ છે. તે ઈંદ્રિયના વિષયવાળું નથી પણ આત્મવિષયી છે.
અઢીદ્વીપમાં રહેલા પ્રાણીઓનાં ચિત્ત દ્રવ્યમાં રહેલી સર્વ વસ્તુના વિષયને જાણે છે.
તે જ્ઞાનને ધારણ કરનારા ગુણી મુનિઓને હું હર્ષથી ભાવે કરીને વાંદું છું.

૪.
અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણ - વત્તિઆએ, પૂઅણ - વત્તિઆએ,
સક્કાર - વત્તિઆએ, સમ્માણ - વત્તિઆએ,
બોહિલાભ- વત્તિઆએ, નિરુવસગ્ગ - વત્તિઆએ. ॥૨॥

સધ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ
વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

૫.
અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય - નિસગ્ગેણં, ભમલીએ,
પિત્ત - મુચ્છાએ. ॥ ૧ ॥

સુહુમેહિં અંગ - સંચાલેહિં, સુહુમેહિં ખેલ - સંચાલેહિં,
સુહુમેહિં દિઠ્ઠિ - સંચાલેહિં. ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં અભગ્ગો
અવિરાહિઓ - હુજજ - મે કાઉસ્સગ્ગો. ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં ન પારેમિ. ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,
અપ્પાણં વોસિરામિ. ॥ ૫ ॥

૬. એક નવકારનો કાઉસ્સગ્ગ

૭. નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્ય:

૮. નીચેનું કાવ્ય ગંભીર સ્વરથી બોલવું.

સાધુનામ અપ્રમાદતો ગુણવતાં તુર્યં મન:પર્યવં
જ્ઞાનં તદ્ દ્વિવિધં ત્વ નિંદ્રિય ભવત્તત્સ્વ આત્મકં દેહિનામ્ ।

ચેતોદ્રવ્ય વિશેષ વસ્તુવિષયં દ્વીપે ચ સાર્ધદ્વિકે
સકૃજ્ જ્ઞાન ગુણાંચિતાન્ વ્રતધરાન્ વંદે સુયો ગૈર્ મુદા ॥

# કેવલ જ્ઞાનની આરાધના

૧. "ૐ હ્રીં નમો નાણસ્સ" બોલતાં એક પ્રદક્ષણા કરવી,
પછી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો
અને ખમાસમણ દેવું.

૨. કેવલજ્ઞાનારાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં

૩. છેલ્લું (પાંચમું ) કેવલજ્ઞાન છે, તે એક જ પ્રકારનું છે,
કરામલકની જેમ નિર્મળ છે, સર્વ વસ્તુનો પરિચ્છેદ કરનારું છે.
લોક તથા અલોકને પ્રકાશ કરનારું છે,
જ્ઞાનવાળાના આત્માથકી કોઈ વખત પણ પ્રાપ્ત થયા પછી જુદું પડતું જ નથી,
અને જે જ્ઞાન નિદ્રા, સ્વપ્ન અને જાગૃત એ ત્રણ દશાને ઉલ્લંઘીને ચોથી ઉજાગર દશાને પામેલું છે,
એવા સૌભાગ્ય લક્ષ્મીના સ્થાન રૂપ કેવલજ્ઞાનને હું (..................) પંચમીને દિવસે વાંદું છું.

૪.
અરિહંત-ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણ - વત્તિઆએ, પૂઅણ - વત્તિઆએ,
સક્કાર - વત્તિઆએ, સમ્માણ - વત્તિઆએ,
બોહિલાભ- વત્તિઆએ, નિરુવસગ્ગ - વત્તિઆએ. ॥૨॥

સધ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ
વડઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

૫.
અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,
ખાસિએણં, છીએણં, જંભાઈએણં,
ઉડ્ડુએણં, વાય - નિસગ્ગેણં, ભમલીએ,
પિત્ત - મુચ્છાએ. ॥ ૧ ॥

સુહુમેહિં અંગ - સંચાલેહિં, સુહુમેહિં ખેલ - સંચાલેહિં,
સુહુમેહિં દિઠ્ઠિ - સંચાલેહિં. ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં અભગ્ગો
અવિરાહિઓ - હુજજ - મે કાઉસ્સગ્ગો. ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં ન પારેમિ. ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં,
અપ્પાણં વોસિરામિ. ॥ ૫ ॥

૬. એક નવકારનો કાઉસ્સગ્ગ

૭. નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્યઃ

૮. નીચેનું કાવ્ય ગંભીર સ્વરથી બોલવું.

નિરભેદં વિશદં કરામલક વજ્જ્ઞેયં પરિચ્છેદકં
લોકાલોક વિભાસકં ચરમ ચિન્નાપ્તં વ્રજેત્ સ્વાત્મતઃ ।

નિદ્રા સ્વપ્ન સુજાગરાતિ ગદશં તુર્યાં દશાં સંગતં
વંદે (...............) પંચમી સિતદિને સૌભાગ્ય લક્ષ્મ્યા સ્પદમ્ ॥